


# આહ્વાન

A MONTHLY BULLETIN OF SHAHPUR METHODIST CHURCH



Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.

Email :rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૪૬ | ફેબ્રુઆરી - ૨૦૧૯ | પત્ર - ૭૩


## જીવંત વચન - પવિત્ર બાઇબલ

પૃથ્વી પરની મુસાફરીમાં આપણે ઘણી તૈયારી કરીએ છીએ. કપડાં, પુસ્તકો, નાસ્તો, બેટરી તથા જીવન જરૂરી તમામ ચીજ - વસ્તુઓનો ખ્યાલ રાખીને આપણે બેગમાં મુકી મુસાફરી - પ્રવાસ જઈએ છીએ. આવી રીતે આપણે પૃથ્વી ઉપર જીવનરૂપી મુસાફરીમાં પરદેશી અને પ્રવાસી છીએ અને સ્વર્ગીય દેશ તરફ આપણી મુસાફરી છે. હિબ્રુ (૧૧;૧૩-૧૬). આ મુસાફરી - પ્રવાસમાં આપણે ઘણી બધી તૈયારીરૂપે પવિત્રશાસ્ત્ર બાઈબલ જે જીવંત દેવનાં વચનો છે તેને આપણી સાથે રાખવાના છે. જે આપણને માર્ગદર્શન - દોરવણી અને સહાય કરે છે તથા આપણી મુસાફરી પૂર્ણ કરવામાં મદદરૂપ બને છે.

આધુનિક સમયમાં આપણે જે તે સ્થળે પહોંચવા માટે ઈન્ટરનેટના માધ્યમથી માર્ગદર્શક નકશાનો ઉપયોગ કરીએ છીએ જેમાં તેમાં અપાતી સૂચના અને દર્શાવેલ માર્ગ દ્વારા આપણે જે તે સ્થાને પહોંચી શકીએ છીએ. આવી રીતે પૃથ્વી ઉપરની આપણી જીવનરૂપી મુસાફરીમાં પવિત્ર બાઈબલ આપણને ચોક્કસપણે દોરે છે.

પવિત્રશાસ્ત્ર બાઈબલના વચનો આપણા માટે દીવા અને અજવાળારૂપ છે. ગી.શા. (૧૧૯ઃ૧૦૫.) આ વચનો દ્વારા આપણે કયા માર્ગે ચાલવું તે શીખવવામાં આવે છે. (ગી.શા. ૩૨ઃ૮.) આ વચનો દેવના મુખમાંથી નીકળ્યા છે. (પુન. ૮ઃ૩)

મિસરથી કનાન તરફની મુસાફરીમાં દેવે યહોશૂઆને કહ્યું હતું કે નિયમશાસ્ત્ર તારા મુખમાંથી જાય નહિ તથા તેનાથી ડાબી કે જમણી ગમ ફરતો ના ત્યારે તારો માર્ગ સફળ થશે. (યહોશૂઆ ૧;૧-૯).

વ્હાલાઓ આપણી જીવનરૂપી મુસાફરીમાં પવિત્રશાસ્ત્રના વચનો અતિ મહત્ત્વના છે. શું આપણે તેને તૈયારીરૂપે સાથે રાખ્યા છે ?

૨૦૧૯નું વર્ષ આપણે ''બાઈબલ વર્ષ''તરીકે ઉજવી રહ્યા છીએ ત્યારે દેવના વચનો પ્રત્યે ખૂબજ જાગૃત બની તેને વાંચીએ અને આશીર્વાદિત થઈએ....આમીન.

## પાછલા કાર્યો તરફ દષ્ટિપાત

- તા. ૨-૧૨-૨૦૧૮ : પ્રથમ રવિવારે એડવન્ટ સન્ડેની મીણબત્તી પ્રગટાવી ઉજવણી કરવામાં આવી.
  ભજનસેવા બાદ શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન - શ્રીમતી સ્મિતલતાબેન ક્રિશ્ચિયન - કુટુંબ તરફથી પ્રેમ - ભોજન આપવામાં આવ્યું.
  બપોરના ૩-૦૦ કલાકે સન્ડે - સ્કુલ બાળકોની પરિક્ષા લેવામાં આવી.
- તા. ૦૯-૧૨-૨૦૧૮ : ભજનસેવામાં ખાસ વ્હાઈટ ગીફ્ટ દાન લેવામાં આવ્યું. ડિસ્ટ્રીક્ટ એમ.વાય.એફ.ના જુવાનોને સભ્યો તરફથી ડિસ્ટ્રીકટ કાર્યક્રમ માટે દાન આપવામાં આવ્યું. ભજનસેવા બાદ પાસ્ટોરેટ કમિટિ મળી. શ્રી ફ્રેન્કલીનભાઈ ટેલર - શ્રીમતી સારાહબેન ટેલર કુટુંબ તરફથી બપોરનું પ્રેમભોજન આપવામાં આવ્યું.
- તા. ૧૬-૧૨-૨૦૧૮ : રવિવારની ભજનસેવા બાદ ''બાઈબલ ક્વીઝ'' રાખવામાં આવી જેમાં સર્વએ ભાગ લીધો હતો. શ્રી કિશોરકુમાર વાઘેલા તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા. શ્રી ડેનીભાઈ હેરી - શ્રીમતી રીટાબેન હેરી કુટુંબ અને શ્રી ફ્રાન્સિસભાઈ ગોહેલ - શ્રીમતી વેલેન્ટીનાબેન ગોહેલ કુટુંબ તરફથી બપોરનું પ્રેમભોજન આપવામાં આવ્યું હતું.
  ભોજનબાદ આણંદ ડિસ્ટ્રીક્ટમાં બેડવા, ત્રણોલ, કુંજરાવ ગામોમાં નાતાલ ભેટ આપવા માટે ગયા હતા. આ કાર્યનો વિગતવાર અહેવાલ અલગ છે. સ્થાનિક મહિલા મંડળે આ કાર્યમાં આગેવાની આપી હતી.
- તા. ૨૩-૧૨-૨૦૧૮ : રવિવારની ભજનસેવામાં જેક એમ. રાઠોડનું બાપ્તિસ્મા આપવામાં આવ્યું. માયુષભાઈ રાઠોડ કુટુંબ તરફથી સર્વને કેક આપવામાં આવી. ભજનસેવા બાદ બાળકો - જુવાનો દ્વારા પ્રભુ ઈસુના જન્મ પ્રસંગનું સુંદર નાટક રજુ કરવામાં આવ્યું. શ્રી એન્થની ઈમાનુએલ અને સન્ડે - સ્કુલ શિક્ષકોએ દોરવણી આપી. કું. જ્યોતિબેન વાઘેલાએ બાળકોને રૂ. ૧૦૦૦/- રોકડ ઈનામ આપ્યું. સોનલબેન દાસ પરિવાર તરફથી બપોરનું પ્રેમભોજન આપવામાં આવ્યું.
- તા. ૨૨-૧૨-૨૦૧૮ : રાત્રે ૯-૦૦ કલાકે ચર્ચમાં કેરલ્સ માટે એકત્ર થયા. ગીતો ગાવામાં આવ્યા. ક્રિસમસ ન્યુયરની શુભેચ્છા પાઠવામાં આવી. ત્યારબાદ ગરબા ગાવામાં આવ્યા. શાલીન ગામડીઆ તરફથી ચ્હા-નાસ્તો આપવામાં આવ્યો.

- તા. ૨૪-૧૨-૨૦૧૮ : સેમસન સી. સોલોમન - (રોયલ એપાર્ટમેન્ટ) પ્રભુમાં ઉંઘી ગયા. તેઓની દફનવિધિ સવારે ૧૦-૦૦ કલાકે કરવામાં આવી. કુટુંબને પ્રભુ દિલાસો આપે.
- તા. ૨૫-૧૨-૨૦૧૮:નાતાલની ભજનસેવા ચલાવવામાં આવી. સર્વ પરિવારોએ ખૂબજ ઉત્સાહથી ભાગ લીધો. નાતાલનું નજરાણું અને ભજનસેવાનું દાન મળી કુલ રૂા. ૭૨૬૭૦/- દાન થયું. સર્વનો પુષ્કળ આભાર.ભજનસેવા બાદ રેની ટેલર તરફથી ચ્હા -કેક આપવામાં આવ્યો.
- તા. ૩૦-૧૨-૨૦૧૮ : રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. ભજનસેવાબાદ શ્રી શૈલેષભાઈ જે. માસ્ટરના જન્મ દિવસ પ્રસંગે શ્રીમતી આગ્નેશબેન અને શ્રી આલાપ માસ્ટર -શ્રીમતી પ્રતિમાબેન માસ્ટર તથા શ્રી શરદભાઈ માસ્ટર - શ્રીમતી પ્રિમાબેન માસ્ટર કુટુંબ તરફથી બપોરનું પ્રેમભોજન આપવામાં આવ્યું.
- તા. ૩૧-૧૨-૨૦૧૮ : રાત્રે ૯-૦૦ કલાકે ચર્ચમાં સર્વએ હાજરી આપી. શ્રી ઑનિલ ગામડીયા તથા એન્થની ઈમાનુએલે જુદી જુદી રમતમાં દોર્યા. ત્યારબાદ ચર્ચમાં પ્રાર્થના અને સાક્ષી માટે એકત્ર થયા. સાંજે ૧૨-૦૦ કલાકે સર્વએ એકબીજાને નવા વર્ષની શુભેચ્છા પાઠવી ચર્ચ ટેરેસ પર ફટાકડાનો આનંદ માણ્યો. આ સંગત ખૂબજ આનંદિત રહી હતી.
- સોનીયા આઈઝેન તરફથી ઈનામો ● ઓનીલ ગામડીયા તરફથી ચોકલેટ ● નીલેશભાઈ રાઠોડ તરફથી ફટાકડા ● પ્રકાશભાઈ ખ્રિસ્તી તરફથી ચ્હા - નાસ્તો આ પ્રમાણે સ્પોન્સર પ્રાપ્ત થયેલ.
- તા. ૩૧-૧૨-૨૦૧૮ સાંજે ૭-૦૦ કલાકે જરૂરિયાત મંદોને ફુડપેકેટ વહેંચવામાં આવ્યા હતા. શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન કુટુંબ સાથે પોતાની ગાડી લઈને આવ્યા હતા. તથા પાળક કુટુંબ, સામી ગામડીયા કુટુંબ, પારૂલબેન ગામડીયા કુટુંબે હાજરી આપી હતી. સ્થાનિક મહિલા મંડળની આગેવાનીમાં આ કાર્ય થયું હતું.

  રાત્રે ૧૨-૦૦ વાગ્યા પછી રસ્તા ઉપર ઠંડીમાં સુઈ રહેલા વ્યક્તિઓને ધાબળા ઓઢાડવામાં આવ્યા હતા. જેમાં ચર્ચના સભ્યો મદદરૂપ બન્યા હતા. આ કાર્ય અંગે મળેલ દાનની યાદી અલગ છાપવામાં આવી છે.
- તા. ૧-૧-૨૦૧૯ : નવા વર્ષની ભજનસેવા ચલાવવામાં આવી. ''પ્રભુ તરફ લક્ષ'' સબંધી વચનની સેવા આપવામાં આવી. કમિટિ હોદ્દેદારોને તથા કારભારીઓને ફુલ આપી સન્માનિત કર્યા. ભજનસેવા બાદ ચર્ચ ટેરેસ પર સર્વ એકત્ર થઈ નવા વર્ષની શુભેચ્છા આપતું બેનર, ફુગ્ગા સાથે પ્રાર્થના સહિત આકાશમાં છોડવામાં આવ્યા.

  નીચે પ્રમાણે સ્પોન્સર મળ્યા હતા.

  (૧) એન્થની ઈમાનુએલ - ચ્હા- કેક (૨) સુરાગ વાઘેલા - ડિસ્પોઝલ ડિશો (૩) ક્રિસ્ટોફર ક્રિસ્ટી - બલૂન્સ - ન્યુ ઈયર બેનર
  (૪) એન્થની ઈમાનુએલ - સેલીબ્રેશન બેનર અને ફલાયર્સ (૫) રોહિત ફ્રાન્સિસ - ક્રિસ્મસ બેનર્સ
- બપોરે ૧-૦૦ કલાકે ઉર્વી કેનેથ ટેલરના ઘરે કૌટુંબિક પ્રાર્થના સંગતમાં મળ્યા હતા.
- તા.૦૨-૦૧-૨૦૧૯ : સવારે ૧૦-૦૦ કલાકે શ્રી સુનિલભાઈ કે. મેકવાનના દીકરી અર્પિતાના લગ્ન મંડપની પ્રાર્થના અને સગાઈ વિધિ કરાવી તથા રાત્રે આભાર સ્તુતિની મીટીંગ ચલાવી.
- તા. ૦૩-૦૧-૨૦૧૯ : અર્પિતા - ગીતના લગ્ન જોડવામાં આવ્યું. - અભિનંદન
- તા. ૦૪-૦૧-૨૦૧૯ : શ્રી મનોજભાઈ સી. ચૌહાણ પરિવારમાં પ્રભુએ આપેલ આશીર્વાદો અને ખાસ ડૉ. કેયુર એમ.ચૌહાણના જન્મ દિવસ પ્રસંગે સાંજે ૭-૦૦ કલાકે આભાર સ્તુતિની સંગત ચલાવવામાં આવી.
- તા. ૦૬-૦૧-૨૦૧૯, રવિવારની ભજનસેવા બાદ માસ્ટર એનનના જન્મદિવસ પ્રસંગે શ્રી લીનીયસ પેલમોર કુટુંબ તરફથી ચ્હા નાસ્તો આપવામાં આવ્યો.
- તા. ૦૬-૦૧-૨૦૧૯ : શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટીના દિકરી શ્રીમતી ટ્વીંકલ એસ. હેરીને પરદેશ યુ.કે. જવાની આશિષ પ્રાપ્ત થતા સાંજે ૭-૦૦ કલાકે આભાર - સ્તુતિની સંગત ચલાવવામાં આવી. અભિનંદન.
- તા. ૦૭-૦૧-૨૦૧૯ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ દ્વારા ભારતની મેથોડિસ્ટ મંડળીના સ્થાપના દિવસે સાંજે ૫-૦૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં ખાસ સંગત રાખવામાં આવી. ડિસ્ટ્રીક્ટની દરેક મંડળીમાંથી પાંચ પાંચ સભ્યોએ હાજરી આપી. ડિ.સુ.રેવ. વિજય મેકવાન સાહેબે ઉત્તેજન દાયક વચન આપ્યું. કૉન્ફરન્સ લે-લીડર શ્રી આલાપભાઈ માસ્ટરે વહીવટી માળખા વિશે સમજ આપી.

  સ્થાનિક મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર તરફથી સર્વ માટે ચ્હા - નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી. કમિટિ તથા મંડળીનો આભાર.
- તા. ૧૬-૦૧-૨૦૧૯ : સવારે ૧૦-૦૦ કલાકે શ્રીમતી નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયનના દિકરી પ્રિયલના લગ્ન મંડપની પ્રાર્થના અને સગાઈ વિધિ કરાવી રાત્રે ૮-૦૦ કલાકે આભાર-સ્તુતિની મીટીંગ ચલાવી.
- તા. ૧૭-૦૧-૨૦૧૯ : પ્રિયલ-રાહુલના લગ્ન જોડવામાં આવ્યું. અભિનંદન
- તા. ૨૦-૦૧-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં Recruitment to Ministry સન્ડેની ઉજવણી કરવામાં આવી. સ્થાનિક પાળકે વચનની સેવા આપી. આ વિષેય સંબંધી મંડળીના કાર્ય સંબંધી વચન દ્વારા સમજ આપવામાં આવી.

  ભજનસેવાબાદ સન્ડે - સ્કુલ સુપ્રિન્ટેન્ડન્ટ અને શિક્ષકો સાથે મીટીંગમાં હાજરી આપી. આગામી કાર્યો સંબંધી ચર્ચા કરવામાં આવી. શ્રીમતી અરૂણાબેન ગામડીયા તરફથી ચ્હા - નાસ્તો આપવામાં આવ્યો. આભાર.
- તા. ૨૭-૦૧-૨૦૧૯ : રવિવારની ભજનસેવામાં મેડિકલ સન્ડેની ઉજવણી કરવામાં આવી. જેમાં ડૉ. ફેનીબેન વિવેક ખ્રિસ્તાચારી (ડેન્ટલ ઓફિસર ઈન ગુજરાત હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ)એ વચનની સેવા આપી.

  ભજનસેવા બાદ - દાંત સંભાળ - સંબંધીની પ્રોજેક્ટર દ્વારા સમજ આપવામાં આવી. બપોરના ભોજનની વ્યવસ્થા શ્રી સુનિલભાઈ સોલંકી (યુ.એસ.એ.) તરફથી આપવામાં આવી હતી. જે શ્રી વિકટરભાઈ મેકવાનની મધ્યસ્થી દ્વાર શક્ય બન્યું હતું. સર્વનો પુષ્કળ આભાર.

  આ ભજનસેવા અને સંગત ખુબજ આશીર્વાદિત રહી હતી. ભજનસેવા બાદ સભાજનો માટે બી.પી., સુગર અને વજન ચકાસણી રાખવામાં આવી હતી. જેમાં સર્વએ ભાગ લીધો હતો. સ્થાનિક નર્સ બહેનો મદદરૂપ બન્યા હતા. શ્રી એન્થની ઈમાનુએલ પણ વ્યવસ્થામાં મદદરૂપ બન્યા હતા. સર્વનો આભાર.

## શાહપુર મેથોડિસ્ટ ચર્ચ, મહિલા મંડળ

ઈશ્વરપિતાનો આભાર માનતાં પાળક સાહેબની દોરવણીથી મહિલા મંડળ દ્વારા રાખવામાં આવેલ જુદા જુદા કાર્યક્રમો સફળ રહ્યા. આ બધા જ કાર્યક્રમોમાં મંડળીના ભાઈબહેનોનો અદ્ભુત સાથ, સહકાર, દાનો ભેટો અને પ્રાર્થનાનો ટેકો મળ્યો છે. તે માટે મહિલા મંડળ આપ સર્વનો હૃદયના ઊંડાણથી આભાર માને છે.

**કાર્યક્રમોની ઝાંખી નીચે મુજબ છે.**

- તા. ૧૬-૧૨-૨૦૧૮ના રવિવારે આણંદ ડિસ્ટ્રીકટની બેડવા, ત્રણોલ અને કુંજરાવ મંડળીના ખ્રિસ્તી પરિવારોને નાતાલની ભેટ વહેંચવા માટે ચર્ચની ભક્તિસભા બાદ પાળક સાહેબ, મહિલા મંડળની બહેનો અને મંડળીના આગેવાનો બે ગાડી દ્વારા ગયા હતા. આ ગામોના ૪૮ કુટુંબોને બાઈબલ, સાડી, બ્લેન્કેટ, ટુવાલ અને કરિયાણાની કીટ, વિધવા બહેનોને એક એક સાડી, બાળકોને પાણીની બોટલ, કેક, કંપાસ પાઉચ, ચોકલેટ ને વેફરની કીટ વહેંચવામાં આવી હતી.
- તા. ૩૧-૧૨-૨૦૧૮ ડિસેમ્બર સાંજે ૭-૦૦ કલાકે મહિલા મંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ પૂરી શાકના ૧૦૦ પેકેટ ગરીબ પરિવારોમાં વહેંચવામાં આવ્યા હતા.
- તા. ૩૧-૧૨-૨૦૧૮ના રાત્રે વોચનાઈટ સર્વીસ બાદ જુદા જુદા વિસ્તારમાં ફુટપાથ પર સુઈ રહેલા ગરીબ લોકોને ૭૦ નંગ બ્લેન્કેટ ઓઢાડવામાં આવ્યા હતા.
- મંડળીના કુટુંબો દ્વારા પ્રાપ્ત થયેલ કપડાનું બેડવા, ત્રણોલ અને કુંજરાવ ગામોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

મળેલ ભેટ અને દાનની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| • શ્રીમતી સ્મીતલત્તા ક્રિશ્ચિયન | સાડી | ૫૨ |
| • શ્રીમતી મોનીકાબેન ડેવીડ | બ્લેન્કેટ + ટુવાલ નંગ ૫૨ + | ૫૨ |
| • શ્રી મનોજભાઈ ચૌહાણ વિધવા બહેનોની | સાડી નંગ | ૧૫ |
| • શ્રીમતી ડોરોથીબેન દાસ | કરિયાણાની કીટ નંગ | ૫૦ |
| • શ્રી પ્રશાંત એસ. ક્રિશ્ચિયન | બાઈબલ નંગ | ૨૫ |
| • શ્રી ફ્રાન્સીસ વી.ગોહિલ | બાઈબલ નંગ - | ૧૦ |
| • શ્રી કાન્તીલાલ બી.સોલંકી | બાઈબલ નંગ - | ૧૦ |
| • શ્રીમતી લલિતાબેન ખ્રિસ્તી | બાઈબલ નંગ - | ૫ |
| • શ્રીમતી પ્રતિમાબેન માસ્ટર | પાણીની બોટલ નંગ - | ૩૩ |
| • શ્રી ફ્રેન્કલીનભાઈ ટેલર | કંપાસ પાઉચ નંગ - | ૪૦ |
| • વી.બી.એસ. સન્ડે સ્કુલના બાળકો તરફથી | કેક ચોકલેટ વેફરની કીટ નંગ | ૪૦ |

- શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન તરફથી બોલેરો ગાડી વહેંચવા જવા માટે ફ્રી આપવામાં આવી.
- શ્રી સામી એ. ગામડિયાએ ગાડી ચલાવવાની સેવા આપી. તેઓ સર્વનો આભાર.

ત્યાંના સ્થાનિક પાળકોને પણ ઉપર મુજબની કિટ્સ આપવામાં આવી હતી.

આભાર સહ
મેથોડિસ્ટ ચર્ચ, શાહપુર, મહિલા મંડળ

## BIRTHDATES IN FEBRUARY

| તારીખ | નામ |
|---|---|
| ૫/૨ | પ્રિયંકા નલીનભાઈ ક્રિશ્ચિયન |
| ૬/૨ | આશાબેન સી. વરસડા |
| ૮/૨ | જેક માયુષભાઈ રાઠોડ |
| ૯/૨ | કેનેથ એફ. ટેલર |
| ૧૧/૨ | મોનીકાબેન એસ.ડેવિડ |
| ૧૧/૨ | સમીરભાઈ એસ. ભાટિયા |
| ૧૩/૨ | દેવદાસભાઈ બી. ક્રિશ્ચિયન |
| ૧૫/૨ | શ્વેતાલી કુણાલ મહિડા (USA) |
| ૧૬/૨ | માયુષભાઈ એ. રાઠોડ |
| ૧૮/૨ | વેલેન્ટીના વી. દાસ |
| ૧૯/૨ | નોએલ એસ. ક્રિસ્ટી |
| ૧૯/૨ | રેની આર. ટેલર |
| ૨૨/૨ | મિલીન્દ આર. કાપડીઆ |
| ૨૨/૨ | પરેશભાઈ બી. પરીખ |
| ૨૩/૨ | જસ્ટીનભાઈ બી. પરીખ |
| ૨૩/૨ | રોઝમેરી એ. ખ્રિસ્તી |
| ૨૫/૨ | પ્રકૃતિ આશિષ ફ્રેન્ક (યુ.એસ.એ.) |
| ૨૫/૨ | કોલીન અનિલભાઈ ક્રિશ્ચિયન |
| ૨૫/૨ | અમીષા નિલેશભાઈ પરીખ |

## ડોનેશન

| નામ | ધાબળા | ફુડપેકેટ | કુલ રૂ. |
|---|---|---|---|
| જેક માયુસભાઈ રાઠોડ | ૫૦૦ | - | ૫૦૦ |
| એનન લિન્યસભાઈ પેલમોર | ૫૦૦ | ૫૦૦ | ૧૦૦૦ |
| શશીબાળાબેન જી. ક્રિશ્ચિયન | ૫૦૦ | - | ૫૦૦ |
| કલ્પનાબેન એસ.મેકવાન | ૧૦૦૦ | - | ૧૦૦૦ |
| શશીબેન એસ. પરમાર | ૫૦૦ | - | ૫૦૦ |
| કલ્પનાબેન વેલ્સભાઈ ક્રિસ્ટી | ૫૦૦ | - | ૫૦૦ |
| સુશીલાબેન એસ.ક્રિશ્ચિયન | - | ૧૦૦ | ૧૦૦ |
| સામી એ. ગામડિયા | ૨૦૦ | - | ૨૦૦ |
| મોનિકાબેન ઓ. પેટ્રીક | ૨૦૦ | - | ૨૦૦ |
| સ્મિતલત્તાબેન આર. ક્રિશ્ચિયન | ૫૦૦ | - | ૫૦૦ |
| સેમ્યુલભાઈ એમ. ડેવિડ | ૪૦૦ | ૨૦૦ | ૬૦૦ |
| સુનીલભાઈ મેકવાન | - | ૧૦૦૦ | ૧૦૦૦ |
| મનોજભાઈ કે.ચૌહાણ | - | ૨૦૦ | ૨૦૦ |
| રેવ. અરવિંદ ક્રિસ્ટી | ૨૦૦ | - | ૨૦૦ |
| લલિતાબેન એસ. ખ્રિસ્તી | - | ૨૦૦ | ૨૦૦ |
| ફ્રેન્કલીનભાઈ ટેલર | ૫૦૦ | - | ૫૦૦ |
| લીનાબેન એસ. માસ્ટર | - | ૨૦૦ | ૨૦૦ |
| કમળાબેન કે. સોલંકી | ૫૦૦ | - | ૫૦૦ |
| ડાયનાબેન એમ. ચૌહાણ | ૩૦૦ | - | ૩૦૦ |
| ગયા વર્ષના ફુડ પેકેટના વધેલા - | - | ૩૦૦ | ૩૦૦ |
| કિશોરકુમાર બી. વાઘેલા | ૫૦૦ | - | ૫૦૦ |
| મેરીબેન જે.મેકવાન | ૫૦૦ | - | ૫૦૦ |
| ડોરોથીબેન દાસ | - | ૫૦૦ | ૫૦૦ |
| રોઝમેરીબેન એ. પેલમોર | ૫૦૦ | - | ૫૦૦ |
| ઝીલ માયુસભાઈ રાઠોડ | ૫૦૦ | - | ૫૦૦ |
| | ૮૩૦૦ | ૩૨૦૦ | ૧૧૫૦૦ |

૯૫+૫ શૈલેષભાઈ માસ્ટર તરફથી = કુલ ૧૦૦ ફુડ પેકેટ

બ્લેન્કેટ = ૭૦ નંગ

## પાળક દ્વારા મળેલ બર્થડે અને આભાર સ્તુતિના દાન

| | | |
|---|---|---|
| શ્રી એન્થનીભાઈ એ. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૩૦૦/- |
| ચિ. જેનેસીસ જે. દાસ | બર્થ ડે | ૧૦૦૦/- |
| ચિ. અર્પણ એ. સોલોમન | બર્થ ડે | ૨૦૦/- |
| કુ. દિશા એમ.કાપડીયા | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી મિલિન્દ આર. કાપડીયા | આ.સ્તુતિ | ૫૦૦/- |
| શ્રીમતી પ્રફુલત્તાબેન ડી. ચૌહાણ | બર્થ ડે | ૧૦૦૦/- |
| શ્રી આલાપ માસ્ટર -ઈઝરાયલ પ્રવાસ બદલ | આ.સ્તુતિ | ૨૫૦૦/- |
| કુ. પ્રિયલ એન.ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયન | આ.સ્તુતિ | ૧૦૦/- |
| શ્રીમતી કમળાબેન કે. સોલંકી | આ.સ્તુતિ | ૫૦૦/- |
| ઈઝરાયેલ પ્રવાસ બદલ | | |
| રીયાન કલેરેન્સ સોલંકી | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી ડાયનાબેન એમ.ચૌહાણ | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી મેઘા ગૌરવ મેકવાન | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી સ્વીટીબેન એસ.ભાટીયા | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રી સુનિલભાઈ એ. ક્રિશ્ચિયન | આ.સ્તુતિ | ૧૦૦/- |
| શ્રીમતી રીન્કીનાબેન એ.ઈમાનુએલ | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રી અતુલભાઈ પી. મહિડા | આ.સ્તુતિ | ૩૦૦/- |
| સ્વ.મણિબેન ગોવિંદભાઈ પરમારની યાદમાં | | |
| શ્રીમતી કિરપા જ્હોન ક્રિશ્ચિયન તરફથી | આ.સ્તુતિ | ૫૦૦૦/- |
| શ્રી ફ્રેન્કલીન ડી. ટેલર | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી રશ્મિબેન સી. સોલંકી | આ.સ્તુતિ | ૧૦૦૦/- |
| દિકરી રીનલના લગ્ન પ્રસંગે | | |
| શ્રી ક્રિસ્ટોફર એસ. ક્રિસ્ટી | બર્થ ડે | ૧૦૦/- |
| શ્રી જૉય જોન મેકવાન | બર્થ ડે | ૫૦૦/- |
| ચિ. પ્રશાંત પી. પરિખ | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી રશ્મિબેન સી. સોલંકી | ક્વાયર | ૨૦૦/- |
| સ્વ.સેમસન સી. સોલોમનના સ્મરણાર્થે | | |
| શ્રીમતી મૃગલોચનાબેન તરફથી | આ.સ્તુતિ | ૩૦૦/- |
| શ્રી શૈલેષભાઈ જે. માસ્ટર | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી ઉર્વીબેન કેનેથ ટેલર | પૂઅર ફંડ | ૫૦૦/- |
| શ્રી સુનિલભાઈ કે. મેકવાનના દિકરી | આ.સ્તુતિ | ૧૦૦૦/- |
| અર્પિતાના લગ્ન પ્રસંગે | | |
| સન્ડે સ્કુલ | ૫૦૦/- | |
| ક્વાયર | ૫૦૦/- | |
| એજ્યુકેશન ફંડ | ૫૦૦/- | |
| પૂઅર ફંડ | ૫૦૦/- | |
| ડૉ. કેયુર એમ. ચૌહાણ | એજ્યુકેશન ફંડ | ૫૦૦૦/- |
| | પૂઅર ફંડ | ૫૦૦૦/- |
| કુ. શ્રેયાંસી અર્લીક | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી અર્પિતાબેન ડી. હેરી | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રી રાજેશ એસ. ક્રિશ્ચિયન | એજ્યુકેશન ફંડ | ૫૦૦૦/- |
| કુ. સીલીયાબેન એસ.મેકવાન | એજ્યુકેશન ફંડ | ૫૦૦૦/- |
| શ્રીમતી નિલેશ્વરીબેન એન. ક્રિશ્ચિયનના | | |
| દિકરી પ્રિયલના લગ્ન પ્રસંગે | સન્ડેસ્કુલ | ૨૫૦/- |
| કુ. જ્યોતિબેન કે. વાઘેલા | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રી એનન એલ. પેલમોર | બર્થ ડે | ૫૦૦/- |
| કુ. રીનીશા પી. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૫૦/- |
| શ્રીમતી નિમિષા પી.ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૫૦/- |
| શ્રી વિકટરભાઈ વી. મેકવાન | બર્થ ડે | ૫૦૦/- |
| શ્રીમતી જુલીયેટ એન.ક્રિસ્ટી | આ.સ્તુતિ | ૨૦૦/- |
| શ્રીમતી સુશીલાબેન એસ.ક્રિસ્ટી | | |
| આંખોનું ઓપરેશન સફળ થવાથી | આ.સ્તુતિ | ૧૦૦/- |
| શ્રી અતુલભાઈ પી. મહિડા | આ.સ્તુતિ | ૩૦૦/- |
| રેવ. અરવિંદ આર. ખ્રિસ્તી | આ.સ્તુતિ | ૧૦૦૦/- |
| શ્રીમતી લીનાબેન એ. પેટ્રીક | બર્થ ડે | ૨૦૦/- |
| કુ. એનેટ એ. ક્રિશ્ચિયન | બર્થ ડે | ૨૦૦/- |
| શ્રીમતી ફેનીબેન એ. ક્રિશ્ચિચયન | બર્થ ડે | ૨૦૦/- |

## આભાર

- ક્રિસમસ સેલીબ્રેશન કમિટિ - જેઓએ ડેકોરેશન, ગભાણ, સ્ટાર બનાવ્યો, સ્ટોરરૂમની સફાઈ કરી તેમજ સઘણી વ્યવસ્થામાં મદદરૂપ બન્યા. તે બદલ હૃદયથી આભાર માનવામાં આવે છે.
- ક્રિસમસ સેલીબ્રેશન દરમિયાન ભોજન, નાસ્તો, ઈનામો, બેનર્સ, તેમજ રોકડ દાન જુદા જુદા કાર્યમાં આપનાર સર્વનો હૃદયથી આભાર.
- પાસ્ટોરેટ કમિટી તથા કારભારીઓ અને સર્વ સભ્યોના સહકાર, હાજરી અને ઉત્તેજન માટે હૃદયથી આભાર.

## ભેટ દાન

- પ્રભુપ્રેમી પરિવાર તરફથી ૨૦૧૯ના વર્ષ માટે આહવાન - બુલેટીનનું ખર્ચ મળેલ છે.
- શ્રીમતી કલ્પનાબેન વી. ક્રિસ્ટી તરફથી ૨૦૧૯ના વર્ષ માટેના પ્રભુભોજનનું ખર્ચ મળેલ છે.
- ચર્ચ - પ્રોજેક્ટ માટે શ્રી રાજેશભાઈ એસ.ક્રિશ્ચિયન તરફથી તેઓનું પોતાનું લેપટોપ ચર્ચ - વપરાશ માટે આપ્યું છું.

## જાહેરાત

- ૨૦૧૯નું વર્ષ "બાઈબલ વર્ષ" તરીકે ઉજવતા સર્વ બાઈબલ વાંચનમાં સમય આપી પૂર્ણ કરશો.
- દર રવિવારે સવારે ૯-૦૦ કલાકે ભજનસેવામાં કુટુંબ સાથે હાજરી આપશો. ભજનસેવા બાદ બાળકોને સન્ડે - સ્કુલમાં બેસાડશો.
- દર શુક્રવારે સાંજે ૮-૦૦ થી ૯-૦૦ દરમિયાન બાઈબલ અભ્યાસ પ્રાર્થના સંગતમાં હાજરી આપશો.
- આપના વિશ્વાસુ - ઉદાર હાથોએ દર મહિને સામાન્ય દાનો, ખાસ પ્રસંગો અને આશીર્વાદોને યાદ કરી આભાર-સ્તુતિના દાન આપશો. પુઅરફંડ અને સ્કોલરશીપ ફંડ માટે પણ દાન આપશો.

## નાણાંકીય અહેવાલ નવેમ્બર - ૨૦૧૮

| | | |
|---|---|---|
| તા.૦૧-૧૧-૧૮ની ઉઘડતી સિલક | રોકડ | ૨૪૪.૮૮ |
| | બેંક | ૩,૪૨,૩૦૫.૬૬ |
| તા.૩૦-૧૧-૧૮ સુધીની આવક | | ૯૭,૫૧૯.૦૦ |
| | કુલ | ૪૪,૦૦૬૯.૫૪ |
| તા. ૩૦-૧૧-૧૮ ની બંધ સિલક | | |
| | રોકડ | ૨૫૮૩૭.૮૮ |
| | બેંકમાં | ૩,૫૨,૪૪૯.૬૬ |
| તા.૩૦-૧૧-૧૮ સુધીનો ખર્ચ | | ૬૧૭૮૨.૦૦ |
| | કુલ | ૪૪૦,૦૬૯.૫૪ |

શ્રી મનોજભાઈ સી. ચૌહાણ, ટ્રેઝરર

## નાણાંકીય અહેવાલ ડિસેમ્બર - ૨૦૧૮

| | | |
|---|---|---|
| તા.૦૧-૧૨-૧૮ની ઉઘડતી સિલક | રોકડ | ૨૫,૮૩૭.૮૮ |
| | બેંક | ૩,૫૨,૪૪૯.૬૬ |
| તા.૩૦-૧૨-૧૮ સુધીની આવક | | ૧,૮૫,૦૨૩.૦૦ |
| | કુલ | ૫,૬૩૩૧૦.૫૪ |
| તા. ૩૦-૧૨-૧૮ ની બંધ સિલક | | |
| | રોકડ | ૪૩૬.૮૮ |
| | બેંકમાં | ૩,૮૯,૭૧૯.૬૬ |
| તા.૩૦-૧૨-૧૮ સુધીનો ખર્ચ | | ૧,૭૩,૧૫૪.૦૦ |
| | કુલ | ૫,૬૩,૩૧૦.૫૪ |

શ્રી મનોજભાઈ સી. ચૌહાણ, ટ્રેઝરર

વી.બી.એસ. આવક જાવક પત્રક સુધારેલુ
વી.બી.એસ. કુલ આવક - ૩૭,૯૮૭
વી.બી.એસ. કુલ જાવક - ૩૨,૫૦૯
બાકી સિલક ૫૪૭૮